(તસવીર : નિકેશ બારોટ)

પાટનગર ભવનના ધાબા પર સોલાર પેનલ નાંખવાનું કામ શરૂ

ગાંધીનગરને સોલારસીટી બનાવવાની દિશામાં પ્રયાસો શરૂ કરી દેવાયા છે. શહેરના સરકારી બિલ્ડીંગોના ધાબે સોલાર પેનલ ફીટ કરવા તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. સે. ૧૬ સ્થિત પાટનગર યોજના ભવનમાં પણ ધાબાના ભાગે સોલાર પેનલ ફીટ કરવાનુ કામ શરૂ કરી દેવાયું છે. શહેરને સોલાર સીટી બનાવવાના સ્વપ્નને સાકાર કરવા પ્રાથમિક તબક્કામાં સરકારી બિલ્ડીંગો પર સોલાર પેનલ ફીટ કરવાની કાર્યયોજના અમલી બનાવાઈ છે. થોડા સમય અગાઉ જૂના સચિવાલયના બ્લોક નં. ૧ના ધાબે પણ સોલાર પેનલ ફીટ કરવામાં આવી હતી. સોલાર પેનલ લગાવવા માટે જી.આઈ.પી.એલ. દ્વારા નિયત કરાયેલી બે એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે. જ્યારે આ માટે પાવર પાર્ટીશિપેશન એગ્રીમેન્ટ પણ કરવામાં આવ્યા છે. સે. ૧૬ સ્થિત પાટનગર યોજના ભવનમાં પણ સોલાર પેનલ નાંખવા માટે કામ શરૂ કરી દેવાયું છે. આગામી સપ્તાહમાં પેનલ ફીટ કરવાનું કામ પૂર્ણ થઈ જશે. જેના અંતે પાટનગર યોજના ભવનને વીજ બીલમાં પણ રાહત થશે. અલબત્ત સોલાર પેનલના આધારે જનરેટ થતા પાવરના પરિણામે ટોરેન્ટ પાવર ભવનને વીજ બિલમાં અચુક રકમ મજરે આપશે. જ્યારે યુનિટ દીઠ રૂ. ૩ સરકારમાં જમા થશે.

આગામી ચાર દિવસમાં પુનઃ મેઘસવારી આવી પહોંચશે

જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલની આગાહી

ગાંધીનગર, તા. ૨૫

અગ્નિ પવનના કારણે રાજયમાં વરસાદમાં વિલંબ થયો છે. થોડાક જ દિવસોમાં ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા છે. જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે રાજયના ભાગોમાં હાલમાં વ્યાપાર વાયુનું જોર વધુ રહેતા અને સમયવાહી પ્રવાહનું જોર મંદ રહેતા આદ્રા સૂર્ય નક્ષત્રમાં વાયરા તથા હવાપાણીના બીજા કારણો અવરોધ કરતા હોવાથી ચોમાસુ વહન ઉઠતુ નથી અને ખારી પવનના લીધે મોટાભાગે વરસાદ બંગાળ, આસામ, વાયવ્ય પ્રાંત વગેરે ભાગોમાં વધારે વરસાદ થતો હોય છે. જ્યારે ગુજરાત-સૌરાષ્ટ્રમાં થોડો ઘણો વરસાદી વિલંબ થતો હોય છે. મૃગશીર્ષ સૂર્ય નક્ષત્રમાં વહેલો વરસાદ થતા ઘણી વખત આવી સ્થિતિ સર્જાતી હોય છે. વળી હવામાં ભેજનું પ્રમાણ ગુજરાતમાં ગરમી રહેતા ઘટવામાં હતુ. મંદવાયુના કારણે આવી સ્થિતિ સર્જાઈ હોવાનું જણાય છે. પરંતુ ગ્રહ તેમજ અન્ય યોગો જોતા જૂન તા. ૨૬ સુધીમાં પશ્ચિમ ગુજરાતમાં વરસાદ થવાની વકી રહે અને શ્રવણ પંચકામાં વરસાદ થાય તો આગામી ચારેક જ દિવસોમાં ગુજરાતમાં મેઘ સવારી આવી પહોંચે. શ્રવણ પંચકામાં વરસાદ થાય તો આવી રહેલી મેઘસવારી સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસાવે. જુલાઈ તા. ૫ સુધીમાં વરસાદનું વહન મધ્ય પ્રદેશનો ભાગ, વિદર્ભ, ખાનદેશ, પશ્ચિમ મહારાષ્ટ્રનો ભાગ, પૂર્વ દક્ષિણ ગુજરાત, સુરેન્દ્રનગરનો ભાગ, સોરઠનો ભાગ અને ભાવનગરના ભાગોમાં વરસાદની વકી રહે. સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ વધતો ઓછો વરસાદ પડે. ચંદ્રના પરિવેશના લક્ષણ જોતા મંથર ગતિથી આગળ વધતુ ચોમાસુ ભેજવાળુ વહન લઈને આવતા આગામી ચાર-પાંચ દિવસમાં ભેજ વધતા જેઠ વદમાં ઘણા ભાગોમાં ભારે થી અતિભારે વરસાદ વરસાવી શકે. દક્ષિણ ગુજરાતમાં ચોમાસાનું આગમન નજીક રહે. વરસાદનું બીજ વીજ છે એટલે વીજ યુક્ત વરસાદ જણાય તો તુરંત જ વરસાદ થવાની શક્યતા રહે. હાલમાં અગ્નિ પવન સાથે સાથે ક્યારેક સુર્યા પવનની લહેર પણ આવતી જણાય છે. જે પણ આગામી દિવસોમાં મેઘસવારી લઈને આવતા વાદળોની વકી ચુચક રહે.

સે-૫ અને સરીતા ઉદ્યાનની ટાંકીમાંથી પાણીના નમૂના લેવાયા

નર્મદાના રૉ-વૉટર અને ટ્રીટેડ પાણીના સેમ્પલ લેબમાં મોકલાયા

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં કોલેરાના રોગચાળાએ દેખા દેતા સફાળા જાગેલા તંત્ર દ્વારા પાણીના નમૂના ચકાસવા અભિયાન હાથ ધરાયુ છે. આજે પણ તંત્ર દ્વારા સે-૫ અને સરીતાઉદ્યાનની ટાંકીમાંથી જુદા જુદા ૬ નમૂના લેવાયા હતા. નર્મદાના રૉ વોટર તેમજ ટ્રીટેડ વોટરના નમૂના લઈ લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલી દેવાયા છે.



મીન બજાર અને સે-૨૪ ઈન્દિરાનગર વિસ્તારમાં કોલેરા અને ઝાડા ઉલ્ટીના રોગચાળાએ જોર પકડતા સમગ્ર શહેરમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા સામે સવાલો ખડા થયા છે. તંત્ર દ્વારા પ્રાથમિક તબક્કે પાણીમાં કલોરીનેશનનું પ્રમાણ વધારી દેવાયું છે. આ ઉપરાંત રોજબરોજ પાણીની ગુણવત્તા ચકાસવા નમૂના લેવાનું પણ શરુ કરી દેવાયું છે. ગઈકાલે મીનાબજાર તેમજ સે-૨૪માંથી પાણીના સેમ્પલ લેવાયા હતા જ્યારે આજે સે-૫ સ્થિત પાણીની નવીન ટાંકીમાંથી બે નમુના લઈ બેકટેરોલોજીકલ અને કેમીકલ ટેસ્ટ અર્થે લેબમાં મોકલી દેવાયા છે જ્યારે સરીતા ઉદ્યાનની ટાંકીમાંથી પણ નર્મદાના રૉ-વૉટર તેમજ ટ્રીટેડ વોટરના ચાર નમૂના લઈ તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી દેવાયા છે.

આવાસોના ભાડાના પોસ્ટીંગનું કામ આઉટ સોર્સિંગથી કરાશે

મેનપાવરના અભાવે ભાડાનું રજીસ્ટર મેઈનટેઈન કરવાનું પણ અઘરું પડે છે

ગાંધીનગર, તા. ૨૫

પાટનગર યોજના ભવનની ભાડા વસુલાતી શાખામાં સરકારી આવાસોના ભાડાના પોસ્ટીંગની કામગીરી હવે ઓઉટસોર્સિંગથી થાય તેવી વ્યવસ્થા ગોઠવવા વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૧૬ હજારથી વધુ સરકારી આવાસો આવેલા છે. જ્યારે આ આવાસોની ફાળવણી બાદ વિવિધ કક્ષાના મકાનોનું ભાડું વસુલવાની પ્રક્રીયા પણ વિશેષરૂપે ભાડા વસુલાતી શાખા દ્વારા કરવામાં આવે છે. પરંતુ પાટનગર યોજના ભવનમાં સ્થિત ભાડા વસુલાતી શાખામાં છેલ્લા ચાર વર્ષમાં જુનિયર કલાર્કની બઢતી અને નિવૃત્તિના દૌર બાદ હાલમાં મેનપાવરનો અભાવ વર્તાય છે. અગાઉના વર્ષ દરમિયાન ૧૦ થી વધુ જુનિયર કલાર્ક ફરજ બજાવતા હતા જ્યારે હાલમાં માત્ર એક જ કલાર્કથી કામ ચલાવવું પડે છે. જુનિયર કલાર્કની સંખ્યા ઘટવાની સાથે કામગીરીનું ભારણ પણ ઘટયું છે. આવા સંજોગોમાં કોર્ટ મેટર એટન્ડ કરવાની સાથે પત્ર વ્યવહારની કામગીરી પણ વધુ હોય છે. મેનપાવરના અભાવ વચ્ચે આ કામગીરી અસરકારક રીતે થઈ શકે તે માટે સરકારી આવાસોના ભાડાનું રજીસ્ટર મેઈનટેઈન કરવા આઉટ સોર્સિંગની મદદ લેવા વિચારણા હાથ ધરવામાં આવી છે.

વરસાદી પાણીના નિકાલની કુંડીઓમાં કચરાનો ઢગ

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે બનાવાયેલ ચેમ્બરો પર માટી અને કચરાના ઢગ ખડકાતા વરસાદી પાણીનો નિકાલ થતો નથી. સે. ૨૪ થી ૨૭માં ઓછા વરસાદમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. અસરગ્રસ્ત ખેડૂત મંડળ દ્વારા આ ચેમ્બરો ત્વરિત સાફ કરવા રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગર અસરગ્રસ્ત ખેડૂત મંડળના પ્રમુખ જીલુજી વાઘેલાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. વરસાદી પાણીના નિકાલની કુંડીઓમાં કચરો ભરાઈ ગયો છે. જ્યારે અમુક ચેમ્બરો પર માટીના ઢગ ખડકાયેલા છે. ઘ-૬ થી ક-૬ વચાળે સ્થિત કુંડીઓ તદન બિનઉપયોગી હોવાનું સ્પષ્ટ થયું છે. વરસાદી ઝાપટાના અંતે જ જળબંબાકાર થઈ જાય છે. આ કુંડીમાં ત્વરિત સાફ કરવા પણ રજૂઆતમાં જણાવાયું છે. જ્યારે છેવાડાના સે. ૨૪ થી ૨૭માં ઓછા વરસાદમાં પણ આંતરિક માર્ગોપર દોઢ થી બે ફૂટ જેટલા વરસાદી પાણી ભરાઈ જાય છે. ઘણીવાર વરસાદી પાણી સાથે ગટરનું દુષિત પાણી ભળી જતા રોગચાળો ફેલાવાની દહેશત પણ પ્રવર્તે છે. શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા તેમજ કુંડીઓમાંથી કચરો સાફ કરવાની કામગીરી ત્વરિત હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

આજે મંત્રીમંડળની બેઠકમાં નવા તાલુકા-જિલ્લાને મંજુરી અપાશે

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમંત્રીમંડળની આવતીકાલે મળનારી બેઠકમાં રાજ્યના સૂચીત નવા સાત જિલ્લા અને ૨૧ તાલુકાઓની રચના અંગેની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજુરી આપીને આગામી ૧ પમી ઓગષ્ટથી અમલી બનાવવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્ય સરકાર જિલ્લા તાલુકાનું વિભાજન કરીને નવા સાત જિલ્લા અને નવા ૨૧ તાલુકાઓની રચના કરવાનો નિર્ણય લઈને જાહેરાત કરી હતી.

નવા જિલ્લા તાલુકા વિભાજનના નિર્ણય સામે કેટલાક જિલ્લામાંથી વિરોધ ઉઠવા પામ્યો હતો જેના કારણે નવા જિલ્લા તાલુકાની રચના કરવામાં વિલંબ થવા પામ્યો હતો. નવા જિલ્લા તાલુકાની રચના માટે રાજ્ય સરકારે લોકો પાસેથી વાંધા સૂચનો મંગાવીને આ વાંધા સૂચનોનો અમલ કરીને તેમાં કેટલાક સુધારા કર્યા હતા.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા બે દિવસથી મંત્રીઓની એક કમીટીની બેઠકોનો દોર ચાલી રહ્યો છે. જેમાં સૂચિત નવા સાત જિલ્લા અને ૨૧ તાલુકાની રચના માટેના નકશાઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે અને જિલ્લા તાલુકા વિભાજન અને નવા જિલ્લા તાલુકાની રચના અંગેની દરાખાસ્ત આખરી કરી દેવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે મુખ્યમંત્રી સાથે રાજ્યના મહેસૂલમંત્રી નાણાંમંત્રીની એક બેઠક મળી હતી જેમાં સૂચિત નવા જિલ્લા અને તાલુકાની રચના માટે મળેલ સૂચનો અને કરાયેલ સુધારાઓની વિગતોથી મુખ્યમંત્રીને માહીતગાર કરીને દરખાસ્ત રજુ કરવામાં આવી હતી.

પાટનગરના નવા સેક્ટરોમાં રખડતા ઢોરોનો વધતો ત્રાસ

ગાંધીનગર, તા. ૨૫

મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં જ ગંદકી કરનારને એક વર્ષની સજા અથવા મોટી રકમના દંડની જોગવાઈ કરાઈ છે તો બીજી બાજુ ખુલ્લેઆમ ગાય કે અન્ય ઢોરને છુટ્ટા રખડતાં મુકી સમગ્ર શહેરમાં અસહ્ય ગંદકી ફેલાવનારા સામે કોઈ જાતના પગલા લેવાતા ન હોવાથી નાગરીકોમાં રોષની લાગણી જન્મી છે.

પાટનગરની દરેક સેક્ટરોની શેરી-ગલીઓ અને દરેક ચોકડાઓમાં ભટકતા રખડતા ઢોરોને પકડવા માટે ગાંધીનગરમાં મહાનગરપાલિકાનું અસ્તિત્વ આવ્યા બાદ સેક્ટર-૪ના વસાહતીઓએ અનેકવાર લેખીત તથા મૌખીક રજુઆતો કરવા છતાં આ બાબતે યોગ્ય પગલાં ન લેવામાં આવતા નિંભર તંત્રના પેટનું પાણી હલતું ન હોવાની છાપ ઉભી થઈ છે.

આમ તો છુટ્ટા રખડતા કે ભટકતાં ઢોરોની સમસ્યાએ સમગ્ર ગાંધીનગરને ભરડો લીધો છે. આનાથી ચોમેર ગંદકી ફેલાતા ઉપરાંત રોગચાળાનો ભય પણ રહ્યો છે. આ સિવાય પાટનગરના વસાહતીઓને ઢોર દ્વારા અવારનવાર ઈજા થવાના બનાવો બનતાં રહ્યા છે. રખડતા આખલા કે ગાયો દ્વારા વસાહતીઓને વારંવાર ઢીંક મારવાના બનાવો બને જ છે. આ બાબતે મહાનગરપાલિકાનું અસ્તિત્વ આવતાં જ પ્રથમ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ખરસાણને રજુઆત કરાઈ હતી. બાદમાં મેયર તથા મ્યુનિ. કમિશનર પાડલીયાને પણ લેખીત રજુઆતો આપવામાં આવી છે.

આ બાબતે કોઈ પગલા નહીં લેવાતાં વસાહતીઓમાં રોષની લાગણી ઉભી થવા પામી છે. તંત્ર દ્વારા શા માટે આંખ આડા કાન કરાઈ રહ્યા છે તે લોકો સમજી શકતાં નથી. ખાસ કરીને સમગ્ર ખ-માર્ગ પર આ સમસ્યા વિશેષ જોવા મળે છે. સેક્ટર-૪-બી તથા ૪-સી ના દરેક કોમન પ્લોટોમાં દિવસ-રાત ઢોરો અડીંગો જમાવીને બેસે છે. જાહેરમાં આ પ્રવૃત્તિને ઉત્તેજન આપનારા સામે કડક પગલા ભરવા અનેક રજુઆતો છતાં સરકાર કે મહાનગરપાલિકા દ્વારા સહકાર મળતો ન હોવાનું વસાહતીઓ જણાવી

● અનુસંધાન પાના - ૭ પર

ભારતીય સંચાર નિગમ દ્વારા ગાંધીનગરમાં મશીન દ્વારા જમીનમાં કેબલ નાંખવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. મશીન દ્વારા કેબલ નાંખવાની પ્રક્રિયા રાહદારીઓમાં ઉત્સુકતા જગાવે છે. અલગ પ્રકારની આ કામગીરીને નિહાળવા ઠેર ઠેર ભીડ પણ જામે છે. (તસવીર : દિપક જાની)

ભાજપ ધારાસભ્યોની બેઠકમાં સરકારની કામગીરી પ્રજા સુધી પહોંચાડવા અનુરોધ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ખાતે આજે સાંજે ભાજપના ધારાસભ્યોની મળેલી બેઠકમાં ભાજપના કાર્યક્રમો અને રાજ્ય સરકારની કામગીરીને પ્રજા સુધી પહોંચાડવા માટે અનુરોધ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સાંજે સ્વર્ણિમ સંકુલ ખાતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં ભાજપના ધારાસભ્યોની એક બેઠક મળી હતી. આ બેઠકમાં ઉત્તરાખંડ હોનારતમાં ફસાયેલ ગુજરાતના પ્રવાસીઓને બચાવવા માટે ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ રાહત બચાવ કામગીરીની વિગતોથી વાકેફ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓને છતી કરવા અને આગામી લોકસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે ભાજપ પક્ષ દ્વારા આપવામાં આવતા કાર્યક્રમોને સફળ બનાવવા અને કામે લાગી જવા માટે ધારાસભ્યોને અનુરોધ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી

● અનુસંધાન પાના - ૭ પર

ભાજપ દ્વારા હોમકીટનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત ભાજપ દ્વારા ઉત્તરાખંડના પુરપીડીતો માટે હોમકીટની સહાય પુરી પાડવાનું નક્કી કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. ગાંધીનગર ખાતે આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં પ્રદેશ હોદ્દેદારોની એક બેઠક મળી હતી. બેઠકમાં ઉત્તરાખંડમાં આવેલા વિનાસક પુરથી અસરગ્રસ્ત બનેલા લોકોને ઘરવખરી પુરી પાડવા માટે હોમ કીટ આપવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રદેશ ભાજપના આગેવાનોને હોમકીટો તૈયાર કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે અને ઉત્તરાખંડ આ હોમ કીટોની સહાય પુરી પાડવામાં આવનાર છે.

હાર્દિક શુભેચ્છા

કુકરવાડા પરીવાર દ્વારા તા. ૩૧-૫-૨૦૧૩ ના રોજ **શ્રી રવિશંકર ગરીબદાસ શાસ્ત્રી** સેવા નિવૃત્ત સત્કાર સમારંભ તા. ૨૩-૬-૨૦૧૩ ના રોજ ગાંધીનગર કોમ્યુનિટી હોલ સેક્ટર-૭ ખાતે યોજવામાં આવેલ આ પ્રસંગમાં કાર્યક્રમના અધ્યક્ષ શ્રી સોમચંદભાઈ એમ. મકવાણા, માજી સરપંચ કુકરવાડા મુખ્ય મહેમાન તરીકે શ્રી પી. એચ. પંચાલ સાહેબ **(IPS)** ચીફ પોસ્ટ માસ્તર જી.પી.ઓ. અમદાવાદ, શ્રી એ. ડી. વણકર સાહેબ **(IPS)**, સેવા નિવૃત્ત ડેપ્યુટી રિવિઝન મેનેજર અને ગુજરાત હાઈકોર્ટના એડવોક્ટ અને શ્રી આર. જે. પરમાર સાહેબ **(IPS)**, સેવા નિવૃત્ત સિનિયર સુપ્રિટેંડન્ટ પોસ્ટ ઓફિસ, ગાંધીનગર અને અતિથિવિશેષ શ્રી દલપતભાઈ શ્રીમાળી, ક્રાંતિકારી લેખક, પત્રકાર અને ઇતિહાસકાર તથા સમાજના અન્ય અગ્રણીગણ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હાર્દિક શુભેચ્છા પાઠવેલ.

આ પ્રસંગને અનુરૂપ તેઓશ્રી છેલ્લા ૩૭ વર્ષ કરેલ સેવા બદલ તેઓીને ભારત સરકારના સંચાર મંત્રાલય પોસ્ટ વિભાગ, નવી દિલ્હી, સેક્રેટરી શ્રી આર. કે. સૈયદ અને ચીફ પોસ્ટ માસ્તર જનરલ શ્રી ડી. એસ. સકલકલે અને ડી.ડી.એમ. પીએલઆઈ, શ્રી એ. ડી. વણકર સાહેબ અને શ્રી પી. એચ. પંચાલ સાહેબ **(IPS)** ચીફ પોસ્ટ માસ્તર જી.પી.ઓ અમદાવાદ તરફથી સારી અને જવાબદારીપૂર્વકની સંતોષકારક બજાવેલ સેવા અંગે યશસ્વીપત્ર અર્પણ કરવામાં આવેલ હતા.

શુભેચ્છક

પ્રો. રમેશભાઈ બી. શ્રીમાળી	ચીમનલાલ એમ. રાજગોર
પરસોત્તમભાઈ જે. શ્રીમાળી	શંકરલાલ એમ. પરમાર
જગદીશભાઈ એચ. શ્રીમાળી	મુકેશભાઈ આર. પરમાર
એન. કે. પંડ્યા	કાનજીભાઈ કે. પરમાર
મુકેશભાઈ એમ. દવે	કાન્તિલાલ પી. શ્રીમાળી
ગણપતલાલ એચ. પંડ્યા	ભરતભાઈ એમ. શ્રીમાળી

બસો ભ્યાંસી નવ પરગણા ગરો બ્રાહ્મણ સમૂહ લગ્ન સમિતિ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
પ્લોટ નં. ૮૫૦, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ.) ૨૩૨૧૧૬૩, ૩૨૦૮૦૫૨૨, ૨૩૨૨૩૭૪૪, મો. : ૯૪૨૬૫ ૦૬૪૫૨,

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૬૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

GOOD DESIGN IS GOOD BUSINESS
We design your desire...
We design... News Paper Ad, Hoarding, Invitation Cards, Visiting Cards, Letter Pad, Brochure, Books & anything...
PARAM CREATIONS
304, Shalin, Sec-11, Gandhinagar. Phone : 079-23243844. paramcreation@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com